## વડીલોને વંદન અભિનંદન



રાજેન્દ્ર આર. પારેખ
(૧૯૫૮)મો.૯૨૨૮૧૬૧૨૩૬

## આજે સેક્ટર-૫-એ માં આનંદનો ગરબો

મેલડી-આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજરોજ ગુરૂવાર બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન સુશીલાબેન વાઘેલાના નિવાસસ્થાન પ્લોટ નં. ૩૨૬/૨, સેક્ટર-૫-એ-, ગાયત્રી હોસ્પિટલની સામે યોજાશે.

## ચાંદખેડામાં આનંદનો ગરબો યોજાશે

મેલડી-આનંદ ગરબા મંડળના ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે આનંદનો ગરબો તા. ૨૫ જુલાઈ, શુક્રવારે રમેશભાઈ એમ. મકવાણા બિલ્ડરના નિવાસસ્થાન, ઈ-૩૭ શક્તિકૃપા બંગ્લોઝ, શક્તિશ્વર મહાદેવની બાજુમાં ચાંદખેડા, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે.

## શનિવારે ચાંદખેડામાં આનંદનો ગરબો

મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો તા. ૨૬ જુલાઈ શનિવારે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન જી-૧૦૪, કે.કે. રોયલ ફલેટ સ્નેહ પ્લાઝાની બાજુમાં ચાંદખેડા, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે.

## સેકટર-૩-ન્યુમાં ધાર્મિક કાર્યક્રમનું આયોજન

શહેરમાં પ્રણામી ધર્મના પાવન ગ્રંથ 'શ્રી વીતક સાહેબ' પર ધર્મના જાણીતા વિદ્વાન ડૉ. મહેશચંદ્ર પંડયાના વ્યાખ્યાનો અને શ્રીમતી અમિતા ગૌરી પંડયાના ભજનોનું આયોજન કરવામાં આવ્યું છે. ભજન કાર્યક્રમ તા. ૨૦ જુલાઈથી ૧૫મી ઓગષ્ટ સુધી બીજા અને ચોથા શનિવારે અને રવિવારે બપોરે ૧-૦૦ થી ૩-૦૦ વાગ્યા દરમિયાન નાથાભાઈ એલ. પરમારના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૫૭/૨, સેકટર-૩-ન્યુ ગાંધીનગર ખાતે યોજાશે. આ ધાર્મિક કાર્યક્રમમાં શ્રધ્ધાળુ ભકતજનોને લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## શબ્દાવલી - ૫૪૫૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ■ | ૪ | ૫ |
| ૬ | | ■ | ૭ | | ૮ | | |
| ૯ | | ૧૦ | ■ | ૧૧ | | ■ | ■ |
| ૧૨ | | | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | |
| ■ | ■ | ■ | ૧૬ | ૧૭ | | | ■ |
| ૧૮ | ૧૯ | | | | ■ | ■ | ૨૦ |
| ૨૧ | | ■ | | ■ | ૨૨ | ૨૩ | |
| ૨૪ | | ■ | ■ | ૨૫ | | | |

### આડી ચાવી

૧. બુંગણ, મોટું પાથરણું (૩)
૪. જમીનનું એક માપ (૨)
૬. લજ્જા (૨)
૭. વારસાથી ચાલ્યું આવતું(૫)
૯. આવારા (૩)
૧૧. સત્ય, સાર (૨)
૧૨. તબલા વગાડનાર (૪)
૧૪. મોટું, વિશાળ (૩)
૧૬. નાજુકાઇ, કોમળતા (૪)
૧૮. ધક્કા મારી ચલાવવાની ગાડી (૫)
૨૧. રાથનું એક ઘરેણું (૨)
૨૨. એક જાતનું ભૂત, રાજા વિક્રમાદિત્ય સાથે જોડાયેલ નામ (૩)
૨૪. નાના બાળખને લાડમાં... કહી પણ બોલાવાય (૨)
૨૫. તલ્લીન, તરબોળ (૪)

### ઊભી ચાવી

૧. સેફ, સચવાઇ રહેલું (૪)
૨. ખુબ સુંદર (૪)
૩. ચારખુણેથી સરખું (૩)
૪. માથાના વાળ જતાં રહે તો નકલી વાળની... પહેરાય (૨)
૫. હત્યા (૨)
૮. સત્વવાળુ (૪)
૧૦. શેવાળ (૨)
૧૩. અંગારો, અગ્નિકણ (૪)
૧૫. રજની, રાત્રી (૨)
૧૭. તગડી, ફેટ (૨)
૧૮. મશ્કરી (૩)
૧૯. લડાઇ કરનાર (૩)
૨૦. પલ્લુ, સાડીનો છેડાનો ભાગ (૩)
૨૨. દુશ્મની (૨)
૨૩. થાન, ફાડ્યા વિનાના એક સરખા લાંબા કાપડ (૨)

### શબ્દાવલી ૫૪૫૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) સંમલેન (૬) તુલા (૭) ફરજચૂક (૧૦) કરજદાર (૧૧) લાનત (૧૨) વાડ (૧૫) ફારગતિ (૧૬) પતાકા (૧૮) રસત (૧૯) અમાનત (૨૦) માજન

**ઊભી ચાવી :-** (૧) સંતુષ્ટ (૨) મેલા (૩) નફરત (૪) સજદ્દ (૫) ખાક (૮) રજ (૯) ચૂરણ (૧૦) અપમાન (૧૪) એકાતરે (૧૫) ફારસ (૧૭) તાન (૧૯) અજ





બનાસકાંઠા જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્કૂલવર્ધીના વાહનો ગેરકાયદેસર રીતે બેફામપણે દોડી રહ્યાછે. જિલ્લામથક પાલનપુર, ડીસા, અંબાજી, થરા, ધાનેરા, વડગામ સહિત આંતરિક વિસ્તારોમાં આવેલી અનેક શાળાઓમાં ભણાવતા નાના ભૂલકાઓ-વિદ્યાર્થીઓને ઘરેથી સ્કૂલે જવા-આવવા આર.ટી.ઓ. કે પોલીસતંત્રની જરૂરી પરવાનગી વગર જ રસ્તાઓ પર બેફામ પણે દોડી રહ્યા છે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# ન્યૂઝર્સીના રોબિન્સવિલ ખાતે પ્રમુખ સ્વામીના હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપા તથા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી સમયમાં મોખરાની રાહત સેવાઓ કરતી સામાજિક-ધાર્મિક સંસ્થા- બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના નેજા હેઠળ આ પસિસર નિત્યપૂજા-પ્રાર્થના માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની રચના થઈ છે.

આ મંદિર ભારતીય શિલ્પ- અને સંતોના સમર્પણથી રચાયેલા આ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ખૂબજ ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવશે. જેમાં તા. ૮મી ઓગષ્ટથી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા અમેરિકામાં ન્યૂજર્સી રાજ્યના રોબિન્સવિલ નગર ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આરસ પથ્થરમાંથી નિર્મિત પ્રાચીન ભારતીય શૈલીનું પરંપરાગત આ કલામંડિત શિખરબદ્ધ મંદિર વિશાળ સ્વામિનારાયણ અક્ષરધામના એક ભાગરૂપે રચવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકામાં ભારતીય સંસ્કૃતિનાં પવિત્ર મૂલ્યો અને મહિમાને ઉજાગર કરતું આ અક્ષરધામ પરિસર ભારતની એક વિશિષ્ટ ઓળખ બની રહેશે. ઓક્ટોબર ૨૦૧૩ માં આ અક્ષરધામ મહામંદિર (૧૪૧ ફૂટ ઊંટાઈ)ના નિર્માણની પ્રથમ શીલા વૈદિક વિધિપૂર્વક રોપવામાં આવી હતી. આ મહામંદિરનું નિર્માણકાર્ય આવનારા એકાદ દાયકા સુધી ચાલશે.

આરોગ્ય સેવાઓ, શિક્ષણ સેવાઓ, આધિવાસી ઉત્કર્ષ સેવાઓ તેમજ પ્રાકૃતિક આપત્તિઓના રચાઈ રહ્યું છે. આ પરિસરના નિર્માણમાં બી.એ.પી.એસ. સંસ્થાના વડા પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી હજારો નિષ્ઠાવાન સ્વયંસેવકો અને હરિભક્તો જોડાયા છે. પશ્ચિમ વિશ્વમાં આ અક્ષરધામ પરિસર પ્રાચીન ભારતીય શિલ્પ-સ્થાપત્ય કલાની એક વિશિષ્ટ પ્રસ્તુતિ બની રહેશે, એટલું જ નહીં તે હજારો કારીગરોને રોજીરોટી આપનારૂ અને પ્રાચીન ભારતીય કલાને નવું જીવન આપનારૂ એક અભિયાન બની રહેશે. આ વિશાળ અને અદ્વિતીય પરિસરના એક ભાગરૂપે તાજેતરમાં સ્થાપત્ય અને કલાકારીગરીથી સભર અને શ્વેત આરસ પથ્થરોમાંથી તૈયાર થયેલું છે. આ મંદિરની લંબાઈ ૧૩૪ ફૂટ અને પહોળાઈ ૮૭ ફૂટ છે, જેમાં બારીક કોતરણીવાળા ૧૦૮ થી પણ વધુ સ્તંભ અને ૩ કલાત્મક ગર્ભગૃહ ખંડ છે. આ મંદિરની એક અદ્ભુત વિશેષતા એ છે કે તેને વરસાદ, તડકો, બરફવર્ષા વગેરેથી સુરક્ષિત રાખવા એક વિશાળ ભવનમાં તેનું નિર્માણ કરવામાં આવેલ છે. બી.એ.પી.એસ. સ્વામીનારાયણ સંસ્થાના હજારો અબાલવૃદ્ધ ભક્તો રોજ વિશ્વશાંતિ મહાયાગ, મૂર્તિ શોભાયાત્રા સંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ૯મી ઓગષ્ટના રોજ મૂર્તિપ્રતિષ્ઠા અને મહોત્સવસભા તેમજ મંદિર દર્શન કાર્યક્રમ યોજાશે.

આ મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મશ્રી ગુણાતીતાનંદ સ્વામી, ઘનશ્યામ મહારાજ, નીલકંઠવણી, રાધાકૃષ્ણ દેવ, શ્રીસીતા-રામ પરિવાર, શ્રી શિવ પાર્વતી પરિવાર તથા ગુરૂપંરપરાની મૂર્તિઓની પ્રતિષ્ઠા પ્રમુખ સ્વામી મહારાજના વરદ હસ્તે શાસ્ત્રોક્ત વૈદિક વિધિથી થશે.

# હાઉસીંગ બોર્ડ ડ્રો : લાભાર્થીની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી

અમદાવાદ, તા.૨૩

વિવાદાસ્પદ ગુજરાત હાઉસીંગ બોર્ડના ડ્રોને રદ કરવાના રાજ્ય સરકારના નિર્ણયને પડકારતી જાહેરહિતની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી છે પણ જાહેરહિતની અરજી કરનાર અરજદારોને કેસને રિવિઝન બેંચ સમક્ષ પડકારવા સમય આપ્યો છે અન ૨૫મીએ યોજાનારા ડ્રો પર રોક લગાવી મનાઈ હુકમ કર્યો છે.

ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા થયેલ ડ્રોમાં ગેરરીતીઓ બહાર આવતા રાજ્ય સરકારે ડ્રો રદ કર્યો હતો. આ ડ્રોમાં લાભાર્થી બનેલા અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરી રાજ્ય સરકાર દ્વારા ડ્રો રદ કરવાનાં નિર્ણયને પડકાર્યો હતો. ઉપરોક્ત અરજીમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ હાઈકોર્ટમાં જવાબ રજુ કરી ડ્રો રદ કરવાના નિર્ણયને સમર્થન આપ્યું હતું. ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારના ડ્રો રદ કરવાના નિર્ણયને પડકારતી જાહેરહિતની અરજી ફગાવી દીધી હતી. પરંતુ અરજદારો તરફે આ કેસને રિવિઝન બેંચ સમક્ષ પડકારવા માટે સમયની માંગણી કરતાં હાઈકોર્ટે અમદાવાદમાં યુનિવર્સિટી એક્ઝિબીશન હોલમાં ૨૫મીના રોજ રાજ્યકક્ષાના મંત્રી શંકર ચૌધરીની ઉપસ્થિતિમાં યોજાનારા હાઉસીંગ બોર્ડના ડ્રો પર રોક લગાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા ગઈ ૧૫મી જૂને ડ્રો કરવામાં આવ્યું હતું જેમાં ઓનલાઈન અરજી કરનાર અરજદારોને વધુ પ્રમાણમાં મકાનો ફાળવી દેવામાં આવ્યા હતા બીજી તરફ પોસ્ટ દ્વારા અરજી કરનાર અરજદારોને ખૂબ જ ઓછા મકાનો મળતા વિવાદ ઉભો થયો હતો જેમાં લોકોએ રાજ્ય સરકાર વિરૂદ્ધ સતત દેખાવો આંદોલન કરતાં રાજ્ય સરકારે નવેસરથી ડ્રો કરવાની જાહેરાત કરી હતી.

## શૌચાલયો બનાવાશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જેમાંથી જિલ્લામાં ૬૦૦૦ શૌચાલય ૧૦૦ દિવસમાં પૂર્ણ કરવામાં આવનાર છે. તા.૨૨મી જુલાઈ, ૨૦૧૪ સુધીમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૧૨૫૬ શૌચાલય કામો માંથી ૮૪૨ શૌચાલયના કામો પુર્ણ કરેલ છે અને ૪૧૪ કામો -ગતિ હેઠળ છે. જેમાંથી ગાંધીનગર તાલુકામાં - ૨૩૯, કલોલ તાલુકામાં - ૧૧૦, માણસા તાલુકામાં - ૨૫૪ અને દહેગામ તાલુકામાં - ૨૩૯ મળી કુલ- ૮૪૨ શૌચાલયની કામગીરી પૂર્ણ પણ કરી દેવામાં આવ્યા છે.

ગતિશીલ ગુજરાત ૧૦૦ દિવસના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ અથાગ -યત્ન કરવામાં આવી રહ્યાં છે. તાજેતરમાં જ ગાંધીનગર જિલ્લાના તમામ તાલુકામાં મનરેગા જાગૃતિ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ દિન નિમિત્તે ગ્રામ વિકાસને લગતી તમામ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવે છે. તેમજ શૌચાલય જાગૃતિ અર્થે એક કાર્યક્રમ યોજવામાં આવે છે અને વ્યક્તિગત શૌચાલય જેવા કામોમાં ૧૦૦ સિધ્ધી મેળવવા ઉપસ્થિત સર્વ ગામના સરપંચશ્રીઓ, ઉપ સરપંચશ્રીઓ અન્ય પંચાયત સભ્યોને સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા.

## પણ વરસ્યા નહીં...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અનેક વિસ્તરોના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને રાજ્ય પર ઘટાટોપ વાદળોનું સામ્રાજ્ય છવાતા ભારેથી અતિભારે વરસાદ તુટી પડશે તેવા એંધાણ સ્પષ્ટ રીતે વર્તાઈ રહ્યા હતા. ગુજરાતમાં ચોમાસાનો બીજો રાઉન્ડ શરૂ થતાં આજે દિવસ દરમ્યાન રાજ્યના ૧૮ જિલ્લાઓના ૧૦૨ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધ્યો હતો જેમાં ડાંગ જિલ્લાના વઘઈમાં પાંચ ઈંચ તથા આહવામાં ચાર ઈંચથી વધુ ધોધમાર વરસાદ તુટી પડ્યો હતો. આ ઉપરાંત ડાંગ જિલ્લાના સબીરમાં ત્રણ ઈંચ અને વલસાડના કપરાળામાં બે ઈંચ વરસાદ પડ્યો હતો. પંચમહાલ ઉપરાંત સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં આજે દિવસ દરમ્યાન ક્યાંક ભારે તો ક્યાંક મધ્યમ વરસાદી ઝાપટા પડ્યા હતા. રાજ્યના ઈમરજન્સી રિસ્પોન્સ વિભાગના સુત્રોના જણાવ્યા અનુસાર મધ્યપ્રદેશ તરફથી આજે બપોરે ગુજરાત તરફ સરકતો ડિપ્રેશનના લીધે મોડી સાંજે રાજ્યના દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્ર તથા મધ્ય ગુજરાત ઉપર હળવું દબાણ આકાર લઈ રહ્યું છે જેના કારણે આજે એટલે કે બુધવારની મોડી રાત્રે તથા ગુરૂવાર અને શુક્રવાર રાજ્યમાં અનેક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતાઓ છે ત્યારબાદ આ દબાણ કમજોર પડતા મધ્યમ વરસાદ નોંધાશે. દરમિયાન આજે

સવારથી જ અમદાવાદ શહેરમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડ્યા હતા અને સમી સાંજે વરસાદનું જોરદાર ઝાપટુ પડતા ઓફીસથી છુટીને ઘરે જતાં નાગરીકો ભીંજાઈ ગયા હતા. જ્યારે આજે સવારના ૮:૩૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમિયાન વડોદરા, વલ્લભ વિદ્યાનગર, વલસાડ, અમરેલી, ભાવનગર, વેરાવળ, દીવ વગેરે સ્થળોએ વરસાદ પડ્યાના અહેવાલ છે.

## હાજરી પ્રથા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જાતિના સભ્યને પણ કો-ઓપ્ટ સભ્ય તરીકે સ્થાન આપવુ અને દરેક બેઠકમાં તેમની હાજરી રહે તે જોવું.

શ્રી ગાંભુસિંહ ઠાકોરના અધ્યક્ષપણે મળેલ આ બેઠકમાં ઈસનપુર અને કલોલ શાળા નં. ૮ ના જુના મકાનો 'મિશન મંગલમ્' કાર્યક્રમ અંતર્ગત બાળકો માટે પોષણક્ષમ આહાર બનાવવા માટે જરૂરી હોવાથી વિભાગની શરતોને આધીન રહી ફાળવી આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લાનો ડ્રોપઆઉટ રેસિયો હંમેશા વિવાદમાં રહ્યો હોવાથી સત્તાવાળાઓએ પહેલીવાર બાયોમેટ્રીક હાજરી પ્રથા શાળામાં વિદ્યાર્થીઓ માટે પણ અમલી બનાવવાનો નિર્ણય લીધો છે. જિલ્લાની ઈ-લર્નિંગ પ્રોજેક્ટ માટે શાળાઓની પસંદગી અંગે પ્રક્રિયા ટુંક જ સમયમાં પૂર્ણ થઈ જશે. એમ શિક્ષણ સમિતિના સૂત્રોએ જણાવ્યું છે.

# વરસાદ પડતાની સાથે મોડાસામાં ચુડવેલોથી રહીશો ત્રાસીમામ

અરવલલી જીલ્લાના મોડાસા શહેર માં ભારે વરસાદ પડવાના કારણે ચુડવેલો નોઉપદ્રવ ફાટી નીકળ્યો છે. જેમાં આ ચુડવેલો એટલી હદે નીકળવા માડી છે. ગૃહીણીઓ વાડ વારીને થાકી ગઈ છે. મોડાસા શહેર અને



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

તાલુકામાં સોસાયટી વીસ્તારમાં જયા જયાં સોસાયટીને અડીને ખેતરો આવેલા છે ત્યાં ચુડવેલ નામના જીવાતે એટલો બધો ઉપદ્રવ મચાવ્યો છે કે જેનાથી લોકો ને જનમીજ પર પગ મુકવો પણ મુશ્કેલ બની ગયા છે.સવાર થી માંડી ને સાજ સુધી ગૃહીણીઓ આ ચુડવેલો ને સાફ કરી કરી ને થાકી જાય છે. તો આ જીવાત ને લઈ ને નગરપાલીકા દ્વારા દવાનો છંટકાવ પણ કરવામાં આવો પરંતુ આ જીવાત જાણસ આ દવાને પણ ગોળી ને પી જતી હોય તેમ આ દવાનો પણ જીવાત પર કોઈ અસર દેખાતો નથી જો આમ ને આમ આ જીવાત ચાલુ રહેશે તો લોકો ને પોતાનુ ઘર છોડી ને બીજી બાજુ રહેવા જવાની ફરજ પડે તો નવાઈ નહી.

# કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ માટે છેલ્લા બે વર્ષમાં રૂ. ૧૦૦ લાખ મંજૂર કરાયા

ગાંધીનગર, તા.૨૩

રાજયમાં અંતરિયાળ વિસ્તારમાં રહેતા નાગરિકો સહિત તમામ નાગરિકોને તાત્કાલિક આરોગ્ય સેવાઓ પ્રાપ્ત થાય તે હેતુથી રાજય સરકારે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા કાર્યરત કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય મિશન (એન.એચ.આર.એમ.) હેઠળ ફાળવવામાં આવતી રકમમાંથી ૧૦૮ની સેવા માટે આ રકમનો ઉપયોગ કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧૦૦ લાખની રકમ મંજૂર કરવામાં આવી હતી. તે તમામ રકમનો રાજય સરકારે ખર્ચ કરેલ છે એમ વિધાનસભામાં આજે પ્રશ્નકાળ દરમિયાન સિદ્ધપુરના ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂતે પૂછેલા પ્રશ્નના જવાબમાં આરોગ્ય રાજય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

મંત્રીશ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં આરોગ્ય સેવાઓ માટે રાજય સરકારે ર. ૧૪૫ કરોડનો ખર્ચ કર્યો હતો. ધારાસભ્યશ્રી પૂજાભાઈ વંશ, રણછોડભાઈ રબારી, અનિલ જોષીયારાએ પૂછેલા પેટા પ્રશ્નોના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે બી.એલ.એસ. હેઠળ રૂ.૧૨ લાખના ખર્ચે ૧૦૮ વાન તથા એ.એલ.એસ. હેઠળ હૃદય, કીડની, ડાયાબીટીશ જેવા રોગોની અદ્યતન સારવાર માટે આધુનિક સુવિધા સભર ૧૦૮ વાન રૂ. ૨૦ લાખના ખર્ચે ખરીદવામાં આવી છે.

# વનબંધુ કલ્યાણ ફેઝ-૨ માટે ૪૦૦૦૦ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા.૨૩

રાજયના ૧૫ જિલ્લાના ૪૭ જેટલા તાલુકામાં વસતા રાજ્યની કુલ વસ્તીના ૧૫ ટકા એટલે કે ૯૦ લાખ આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળની આ રાજ્ય સરકારે જે શ્રેષ્ઠ કામગીરી કરી છે તેની અને દુનિયાએ નોંધ લીધી છે. રાજ્ય વિધાનસભામાં આદિજાતિ વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચાનો પ્રત્યુત્તર પાઠવતા આદિજાતિ વિકાસમંત્રી ગણપતસિંહ વસાવાએ આ પ્રમાણે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, અંબાજીથી ઉમરગામ સુધીના રાજયની પુર્વ પટ્ટીમાં વસતા વનબંધુઓના કલ્યાણ માટે રાજ્ય સરાકરે અનેકવિધ પગલાં ભર્યા છે. તેમણે જણાવ્યું હતું કે આદિજાતિ વિકાસ હેઠળ ગત વર્ષ કરતાં ૪૪ ટકાના વધારા સાથે વર્ષ ૨૦૧૪-૧૫માં રૂા. ૧૩૭૭.૭૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રૂા. ૩૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વનબંધુઓના કલ્યાણ માટે આ રાજ્ય સરકારે તાત્કાલીક મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે પાંચ વર્ષ માટે રૂા. ૧૫૦૦૦ કરોડની વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મુકી હતી એટલું જ નહીં આ યોજના હેઠળ રૂા. ૧૭૦૦૦ કરોડથી વધુનો ખર્ચ કર્યો અને આવતા પાંચ વર્ષમાં ફેઝ-૨ માટેની વનબંધુ કલ્યાણ યોજના માટે રૂા. ૪૦,૦૦૦ કરોડ ખર્ચ કરવાનું આયોજન કર્યું છે. વનબંધુઓના વિકાસની આ યોજના હવે સમગ્ર દેશમાં અમલી બને તે માટે ભારત સરકારે નિર્ણય લીધો છે. જે ગુજરાતની સિધ્ધી જ દર્શાવી છે. જંગલની જમીનો ખેડતા આધિવાસી ભાઈઓને જમીન આપવાનું કામ કરનારી ગુજરાતની ભાજપ સરકાર દેશભરમાં અગ્રેસર છે તેમ જણાવતા વસાવાએ માહિતી આપી હતી કે, વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ના અમલ પછી આ રાજ્ય સરકાર દ્વારા ૯૪૦૬૧ એકર જંગલની જમીન માટે ૬૩૨૧૯ લાભાર્થીઓને આદેશ પત્રો આપવામાં આવ્યા છે. ૩૬૮૮ સામુદાયિક દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે જેના સામે ૮૦૩૫૫૧ એકર વન જમીનના અધિકારો આપવામાં આવ્યા છે. સામુદાયિક દાવા માન્ય રાખનારૂ ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં બીજા ક્રમે છે.

આ રાજ્ય સરાકરે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ ગતિશીલ ગુજરાત-૧૦૦ દિવસનો સંકલ્પ લઈને ૧૦૦ દિવસમાં જ વધારાના ૫૦૦૦ હજાર અધિકારપત્રો આપવાનો સંકલ્પ પણ કર્યો છે તેમ જણાવતા મંત્રીએ ગુજરાત પેટર્ન અંગે વિગતો આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આદિજાતિના વિકાસ કામો માટે સત્તાનું વિકેન્દ્રીકરણ કરીનો લોકભાગીદારીથી તાલુકા સમિતિ દ્વારા નિર્ણયો લેવાય તે માટે ગુજરાત પેટર્ન હેઠળ છેલ્લા એક દાયકામાં રૂા. ૩૩૪૩ કરોડના ખકર્ચે ૫૯૬૮૦ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૪-૧૫ માટે રૂા. ૩૮૨.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## વિધાનસભામાં ગાંધીનગર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જણાવ્યું છે કે આ કામગીરી પાછળ રૂ. ૮ કરોડ ૨૯ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

● કોલવડા આયુર્વેદ કોલેજ

ભાજપના શ્રી અશોક પટેલે કોલવડા ખાતે નિર્માણ પામી રહેલ મોડેલ આયુર્વેદ કોલેજ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ કોલેજના નિર્માણ પાછળ રૂ. ૧૪૫ કરોડનો ખર્ચ છેલ્લા બે વર્ષમાં કરાયો છે.

કોલેજના મકાનના બાંધકામની કામગીરી તેના અંતિમ તબક્કામાં હોવાનું પણ આરોગ્યમંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● નવા રોડ અને રીકોર્પેટની દરખાસ્તો

કોંગીના શ્રી અમીતભાઈ ચૌધરીએ ૩૧-૫-૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં નવા રોડ અને રિકાર્પેટના કામોની દરખાસ્ત અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે છેલ્લા એક વર્ષથી ગાંધીનગર જિલ્લાની કુલ ૧૨૫ દરખાસ્તો નવા રોડ અને રિકાર્પેટની પડતર છે.

જેમાં માણસાની ૪૧, દહેગામ-૨૬, કલોલની ૨૫ અને ગાંધીનગરની ૩૩ દરખાસ્તોનો સમાવેશ થાય છે.

જિલ્લાની ૨૭ દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે. જેમાં માણસાની ૯, દહેગામની ૪, કલોલની ૪ અને ગાંધીનગર તાલુકાની ૧૦ દરખાસ્તોનો સમાવેશ થાય છે.

ટચૂકડી જાહેર ખબર

**ભાડેથી આપવાનું છે**

૨ મ્ઉँદ્ધ ફ્લેટ ૬૦૦૦/- રૂ. ભાડેથી આપવાનો છે. સ્વામીનારાયણ પ્રેસીડેન્સીમાં
મો. : ૯૦૩૩૨૦૮૧૬૯

**ભાડેથી જોઈએ છે**

૨ મ્ઉँદ્ધ ફ્લેટ કુડાસણમાં, સરગાસણમાં ભાડે જોઈએ છે
મો. : ૯૦૩૩૨૦૮૧૬૯

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

**મુદ્રણ કામ અંગેની ઓનલાઈન નિવિદા**

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીસીઈઆરટી), વિદ્યાભવન, સેકટર-૧૨, ગાંધીનગર દ્વારા વખતો વખત પ્રસિદ્ધ કરવામાં આવતા વિવિધ પ્રકારના અને સમય મર્યાદાવાળા છાપકામ માટે ઓફસેટ પદ્ધતિથી કામ કરવામાં રસ ધરાવતા ખાનગી મુદ્રકો પાસેથી વર્ષ ૨૦૧૪-૧૫ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ભાવપત્રક મંગાવવામાં આવે છે.

ટેન્ડરના દસ્તાવેજો વેબ સાઈટ wwww.nprocure.com ઉપરથી તા. ૨૫/૭/૨૦૧૪ થી તા. ૧૬/૮/૨૦૧૪ના ૧૭-૦૦ કલાક સુધી ઓનલાઈન સ્વીકારાશે તથા જરૂરી દસ્તાવેજો સ્વિકારવાની છેલ્લી તા. ૨૨/૮/૨૦૧૪ છે. ટેકનીકલ બીડ તા. ૨૫/૮/૨૦૧૪ના રોજ ૧૨-૦૦ કલાકે અને ક્વૉલીફાઈડ થયેલ એજન્સીના ભાવપત્રક તા. ૧/૯/૨૦૧૪ના રોજ ૧૨-૦૦ કલાકે અત્રેની કચેરીના કોન્ફરન્સ હૉલ ખાતે ખોલવામાં આવશે.

નિયામક, જીસીઈઆરટી,
ગાંધીનગર

માહિતી/૭૯૫/૧૪-૧૫